# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ૩-, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત
Phone No: (0261)2662903, Fax No: 2662902, Email:suratdeo@gmail.com

જા.નં.મા-૪/અધિવેશન/૨૦૨૨-૨૩/૮૧૫૫-૫૭ તા.૧૪/૦૨/૨૦૨૩

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
તમામ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
જિ.સુરત.

**વિષય-:** બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ માટે રાજ્ય કક્ષાના આચાર્ય સંઘના અધિવેશન વર્ષ: ૨૦૨૨-૨૩ યોજવા બાબત.

**સંદર્ભ-:** ૧.કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય./અનદ-૧/૨૦૨૨/૮૯૬૫-૯૯ તા.૨૫/૦૫/૨૦૨૨
૨.સુરત જિલ્લા આચાર્ય સંઘ, સુરતના જા.નં.૦૫, તા.૧૦/૦૨/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગાંધીનગરના તા.૨૫/૦૫/૨૦૨૨ ના પત્ર સંદર્ભથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનું વર્ષ: ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ત્રણ (૦૩) દિવસનું અધિવેશન ગુજરાત રાજ્યની અંદર યોજવાની મંજુરી આપવામાં આવે છે.

સુરત જિલ્લા આચાર્ય સંઘ, સુરતના સંદર્ભ (૨) ના પત્ર અન્વયે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો માટે રાજ્ય કક્ષાનું આચાર્ય સંઘનું અધિવેશન નીચે મુજબના સ્થળ અને તારીખે અધિવેશન યોજવામાં આવેલ છે. આ અધિવેશનમાં નિયમાનુસાર શાળાના આચાર્યશ્રીઓને મોકલવાના રહેશે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં તા.૦૨/૦૭/૧૯૯૯ ના ઠરાવના પરિશિષ્ટ-૨ (૧૪) ઈતર ખર્ચ માટે માન્ય ખર્ચ યાદી અને ક્રમ-૩૫ અનુસાર સેમીનાર/પરિષદ અન્વેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેના આધારે પરિષદ માટેની ફી પ્રતિ શિક્ષક ૧૫૦૦/- (અંકે રૂપિયા પંદરસો પુરા) તથા શૈક્ષણિક અધિવેશનમાં હાજરી આપતા આચાર્યશ્રીના પ્રવાસ ભથ્થા તથા દૈનિક ભથ્થાનો ખર્ચ નિભાવ ગ્રાન્ટમાંથી નિયમાનુસાર મળવાપાત્ર થશે. જે અન્વેનો ખર્ચ શાળાની ગ્રાન્ટમાંથી નિયમાનુસાર મંજુર કરવાનો રહેશે.

**તારીખ:- ૦૩/૦૩/૨૦૨૩ થી ૦૫/૦૩/૨૦૨૩ દિન:૦૩**
**સ્થળ:- ભોજદે, જિ.ગીર સોમનાથ**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

**નકલ રવાના :** ૧.પ્રમુખશ્રી, સુરત જિલ્લા આચાર્ય સંઘ, સુરત.
૨.મંત્રીશ્રી, સુરત જિલ્લા આચાર્ય સંઘ, સુરત.